## કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ભાવનગર

કલેક્ટર કચેરી, મોતીબાગ રોડ , ભાવનગર - ૩૬૪૦૦૧ (ગુજરાત)
ફોન નંબર : ૦૨૭૮-૨૪૨૮૮૨૨ ઇ-મેઇલ : collector-bav@gujarat.gov.in

### ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ

હુકમ નં. 294/14/05/031/2019

તા. 16/12/2019

**વંચાણે લીધા :-**

(૧) અરજદારશ્રી કાનજીભાઇ ખીમજીભાઇ ડોંડા વિગેરે
રહે. મુ.નારી, તા.ભાવનગર(સીટી), જી.ભાવનગર, નારી-364004 ની તા.27/11/2019 ની ઓનલાઇન અરજી (નં.3140503144640) તથા સોગંદનામુ

(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ - ૪૮, ૬૫, ૬૬ તથા ૬૭

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ ૮૧, ૧૦૦, ૧૦૧, ૧૦૨

(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ/ટીપી/૧૨૨૦૯/૭૬૯/૧૧/હ.૧ તા.૩૧/03/૨૦૧૧

(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૦૯/૦૧/૨૦૧૯

(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૧૨/૦૨/૨૦૧૯

(૯) IRCMS પોર્ટલ પરની કેસ વિગત

**હુકમ :-**

વંચાણે લીધેલ ક્રમ (૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી કાનજીભાઇ ખીમજીભાઇ ડોંડા વિગેરે એ મોજે વરતેજ તા. ભાવનગર જિ. ભાવનગર ના સરવે/બ્લોક નં. 188/૧/p૧ ના ક્ષેત્રફળ 11,230.00 ચો.મી. ની જમીન અંગે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતીના હેતુ માટે પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

૨. સવાલવાળી જમીનના ગામ નમૂના નં. ૭/૧૨ માં કબજેદારોની વિગત નીચે મુજબ છે.

| સરવે/બ્લોક નંબર<br>ટી.પી. નંબર<br>એફ.પી. નંબર | માંગણીનું<br>ક્ષેત્રફળ (ચો.મી.) | કબજેદારોના નામ<br>(ખાતા નં. 136) | જમીનનો સત્તાપ્રકાર<br>(૭/૧૨ મુજબ) |
|---|---|---|---|
| સરવે/બ્લોક નં. : 188/૧/p૧<br>જુનો સરવે/બ્લોક નં. : ---<br>ટી.પી. નં. : ---<br>એફ.પી. નં.: --- | 11,230.00 | અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા<br>કાનજીભાઈ ખીમજીભાઈ ડોંડા<br>ઘનશ્યામભાઈ ખીમજીભાઈ ડોંડા<br>કલ્યાણભાઈ ગણેશભાઈ<br>ગોવિંદભાઈ હરિભાઈ ડોંડા<br>દિનેશભાઈ હરિભાઈ ડોંડા<br>સુરેશભાઈ હરિભાઈ ડોંડા<br>અંજવાળીબેન નથુભાઈ<br>છગનભાઈ નથુભાઈ<br>મગનભાઈ નથુભાઈ<br>કરશનભાઈ નથુભાઈ<br>રમેશભાઈ નથુભાઈ<br>બાબુભાઈ નથુભાઈ<br>મધુબેન નથુભાઈ<br>લક્ષ્મણભાઇ ખીમજીભાઇ ડોંડા<br>શમુબેન કલ્યાણભાઇ ડોંડા<br>અશોકભાઇ કલ્યાણભાઇ ડોંડા<br>ઇશ્વરભાઇ કલ્યાણભાઇ ડોંડા<br>વર્ષાબેન કલ્યાણભાઇ ડોંડા | જુની શરત (જુ.શ) |



Scanned with CamScanner

૩. વસુલ કરવામાં આવેલ કરવેરાની વિગત નીચે મુજબ છે.

બેંકમાં ચલન ભર્યા તા.16/12/2019 નં.5700001355100351212195341‌4

| કરની વિગત | સદર | માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.) | દર રૂ. પ્રતિ ચો.મી. | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| રૂપાંતર કર | 569-0035-00-800-01 | 11,230.00 | 30.00 | 3,36,900.00 |
| વિશેષ ધારો | 570-0035-00-101-01 | 11,230.00 | 0.40 | 4,492.00 |
| લોકલ ફંડ | 574-0029-00-103-01 | 11,230.00 | 0.20 | 2,246.00 |
| શિક્ષણ ઉપકર | 575-0045-00-108-01 | 11,230.00 | 0.20 | 2,246.00 |
| માપણી ફી | 577-0029-00-106-01 | 11,230.00 | --- | 4,200.00 |
| | | | કુલ રૂ. | 3,50,084.00 |

૪. ઉપર્યુકત તમામ હકીકતો ધ્યાને લઇ મોજે વરતેજ તા. ભાવનગર જિ. ભાવનગર ના સરવે/બ્લોક નં. 188/૧/p૧ ના ક્ષેત્રફળ 11,230.00 ચો.મી. ની જમીનને નીચે જણાવેલ શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી હેતુ (બહુહેતુક ઉપયોગ) માટે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :-

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં "એમ" નમૂનામાં સનદ પ્રાપ્ત થશે.

(૨) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી. જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવેલ છે. જેથી માપણી કરી / કરાવી આ હુકમ આધારે તેમજ મંજૂર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસૂલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન / પ્લોટનું રજી. દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩) અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો ) દર પ્રતિ ચો.મી. ના રૂ. 0.40 પ્રમાણે રૂ. 4,492.00 તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) ભાવનગર શહેરી વિકાસ સત્તા મંડળ એ મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં. બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા. ૧૩/૦૯/૧૯૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા / કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલિકીની અથવાં સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહિ.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૦૭/૦૮/૧૯૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧/૧૭૫૬/ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા / શહેરી વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલાં લેવાના રહેશે.

(૭) સદર જમીનમાંથી પેટ્રોલીયમ / પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરિટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૨/૦૨/૨૦૧૯ ના પરિપત્ર નં.બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક મુજબની નીચેની શરતોનુ પાલન કરવાનું રહેશે.

૧. જો અગાઉ ચોકકસ હેતુ માટે પ્રિમિયમ ભરપાઇ થયેલ હોય અને અન્ય હેતુ માટે વિકાસ પરવાનગી માંગેલ હોય/ નકશા મંજૂર કરવાના થતા હોય તો વિકાસ પરવાનગી આપતાં પહેલા પ્રિમિયમ તફાવત ભરાયાની સંબંધિત સત્તામંડળે ખાતરી કરવાની રહેશે અને ત્યારબાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે.

૨. જીડીસીઆર મુજબ જે તે હેતુ/ ઉપયોગ માટે પરવાનગી મળવાપાત્ર નહિં હોય તો તે ઉપયોગ કરી શકાશે નહિં.

૩. ખેતી ઝોનમાં જીડીસીઆર મુજબ જેટલુ બાંધકામ મળવાપાત્ર હશે તેટલા જ ક્ષેત્રફળ માટે વિકાસ પરવાનગી આપવાની રહેશે.

૪. બિનખેતી પરવાનગી મળ્યા બાદ જો ખાસ મંજૂરી વિના ધાર્મિક ઉપયોગ માટે બાંધકામ કરેલ હશે તો તે શરતભંગ ગણાશે અને તે બાંધકામ દૂર કરવાપાત્ર થશે.

(૯) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા. ૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડ દ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવી જોઇએ.

૨. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહિ.



Scanned with CamScanner

૩. શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનિંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

૪. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

૫. અરજદારે રિબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

૬. ફલોર, મિલ, સિનેમા/ ટુરિંગ સિનેમા/ થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૭. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૮. ઇન્ડિયન એક્ષપ્લોઝિવ એકટ અન્વયે મેગેનિઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સવાલવાળી જમીનં જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી નિયમ મુજબ જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રિડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૧. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસ નિયમ મુજબની ત્રિજ્યામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સિવિલ એવિએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સિવિલ એવિએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઓ.એન.જી.સી. ના કુવાની નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. નર્મદા કેનાલ/ અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. અરજદારે/ જ્યાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી નિયમ મુજબનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) જો આ જમીન પર કોઇ બેંક/ મંડળીનો બોજો બાકી હોય તો, તે ભરપાઇ કર્યા સિવાય આ મિલકત કોઇપણ પ્રકારે વેચાણ, ભેટ, વસિયત, બાનાંખત, ગિરો કરી શકાશે નહિ અને કોઇપણ અન્યને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માલિકી કે કબજો ભોગવટો તબદીલ કરી શકાશે નહિ.

(૧૧) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન/ સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૩) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહિ.

અરજદારે ઉપરોકત શરતોનું પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૪) ઉપરની કોઇપણ શરત્તનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આણ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૫) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ, આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સૂચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.



Scanned with CamScanner

(૧૬) ૧.ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા સવાલવાળી જમીન સંબધે શરતોને આધીન મહેસુલ કાયદા સરકારશ્રીના વખતો-વખત ઠરાવ તથા પરિપત્રમાં જણાવેલ જોગવાઇઓને આધીન મળેલ અધિકારની રૂઇએ ઔદ્યોગીક હેતુ માટે બિનખેતી પરવાનગી આપવા હુકમ કરવામાં આવેલ હોઇ, સદરહુ જમીનનો ઉદ્યોગના બીનખેતી હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે

૨. સવાલવાળી જમીનનો સુચિત લે-આઉટ પ્લાન રજુ થયેલ છે. આથી ફાઇનલ લે-આઉટ પ્લાન મંજૂર કરાવતી વખતે સ્પેસીફાઇડ જાહેર થયેલ રસ્તાથી અથવા ખાનગી માલિકીની જમીનમાંથી પ્રવેશ મેળવવાનો રહેશે. સક્ષમ સત્તાધિકારીશ્રીની પૂર્વ પરવાનગી વગર સરકારી પડતર જમીનમાંથી પ્રવેશ મેળવી શકાશે નહીં, સરકારી જમીનમાંથી રસ્તા કે પ્રવેશ બાબતે કોઇ હક્ક દાવા કે વાંધો તકરાર ઉપસ્થિત કરી શકાશે નહીં.

૩. સવાલવાળી જમીનમાં કરવામાં આવનાર બાંધકામની પરવાનગી /રજા ચીઠ્ઠી સક્ષમ સ્થાનિક સત્તામંડળ પાસે મેળવી લેવાની રહેશે.

૪. સવાલવાળી જમીન અંગે સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક કેપી/૩૨ ઓફ ૨૦૧૭/એલએફએસ/૧૦૨૦૧૩/૧૨૯૬/જે તા.૨૬/૯/૧૭થી થયેલ જોગવાઇ મુજબ જિલ્લા પંચાયત ઉપકર તરીકે આકારની રકમના બેવડા દરે બે ગણા ત.ક.મ.શ્રી, વરતેજ, તા.ભાવનગર ગ્રામ્ય પાસે ભરપાઇ કરવાના રહેશે તથા તે મુજબ વખતોવખત સરકારશ્રીની જોગવાઇ મુજબ દરવર્ષે ઓગષ્ટ મહિનાની ૧લી તારીખે ભરપાઇ કરવાના રહેશે.

વધુમાં ઉપર્યુક્ત શરતોને આધીન અરજદાર દ્વારા રજુ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ દ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.

મોજે. વરતેજ, તા. ભાવનગર ગ્રામ્યના સ.નં.૧૯૮/૧ પૈ.૧ ની ૧૧૨૩૦-૦૦ ચો.મી જમીન.

( ગૌરાંગ મકવાણા )
કલેક્ટર, ભાવનગર

પ્રમાણિત કર્યું
(સહી)
(... વ્યાસ)
નિવાસી અધિક કલેક્ટર, ભાવનગર

COLLECTOR OFFICE - BHAVNAGAR

આર.પી.એ.ડી.
પ્રતિ,
કાનજીભાઇ ખીમજીભાઇ ડોડા વિગેરે
મુ.નારી
તા.ભાવનગર(સીટી)
જી:ભાવનગર
નારી-364004

નકલ રવાના:-

૧. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભાવનગર શહેરી વિકાસ સત્તા મંડળ
૨. મામલતદારશ્રી તા. ભાવનગર જિ. ભાવનગર (હુકમનો અમલ ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટ્સ મુજબ કરાવવા સારૂ.)
૩. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી જમીન રેકર્ડ જિ. ભાવનગર
૪. તલાટીશ્રી વરતેજ તા. ભાવનગર જિ. ભાવનગર તરફ.
૫. પ્રાંત અધિકારીશ્રી, ભાવનગર
૬. શાખાધ્યક્ષશ્રી, બીનખેતી યુનિટ કલેક્ટરેટ ભાવનગર

* આ હુકમની ઇ-ધરા કેન્દ્ર, ભાવનગર માં નોંધ નંબર 10860 થી મોજે.- વરતેજ તા.- ભાવનગર જિ.- ભાવનગર માં નોંધ થયેલ છે.



Scanned with CamScanner

નાયબ કલેકટર કચેરી,
કલેકટરેટ બિલ્ડીંગ, ભાવનગર
ફોનનં. ૦૨૭૮–૨૪૨૮૭૦૧
po-bav@gujarat.gov.in

સત્યમેવ જયતે

નં.જમીન/વશી/૮૯૬૩/ટુકડા/મંજુરી/વરતેજ/૨૦૧૮ તા:૨૯/૧૨/૨૦૧૮

વિષય - પ્રતિબંધીત ટુકડાની જમીન ખરીદ/વેચાણ કરવા મંજુરી આપવા બાબત.

અરજદાર શ્રી દિનેશભાઇ હરીભાઇ ડોંડા, રહે.નારી, ભાવનગર

**વંચાણે લીધા** -
(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અકત્ર/૧૦૭૯/૬૨૭૭૮/ઝ તા.૬/૪/૧૯૭૯
(૨) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અકત્ર/૧૦૭૯/૧૧૨૫૭/ઝ તા.૫/૯/૧૯૮૩ તથા તે સાથેનું જાહેરનામું.
(૩) અરજદાર શ્રી દિનેશભાઇ હરીભાઇ ડોંડા, રહે.નારી, ભાવનગરની તા.૦૧/૧૦/૨૦૧૮ ની અરજી.
(૪) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક-અકત/૧૦૮૭/૧૪૧૫/જ (ભાગ-૪), તા.૧૦/૦૬/૨૦૧૩
(૫) તાલુકા મામલતદારશ્રી, ભાવનગરનાં પત્ર નં.જમીન/ટુકડો વેચાણ/૯૦૫૪/૨૦૧૮, તા.૧૮/૧૨/૨૦૧૮

DEPUTY COLLECTOR BHAVNAGAR
સત્યમેવ જયતે
નાયબ કલેક્ટર-ભાવનગર

**- હુકમ -**

અરજદાર શ્રી દિનેશભાઇ હરીભાઇ ડોંડા, રહે.નારી, ભાવનગરએ વંચાણે-૩ ની અરજીથી અત્રેના સબ ડીવીઝનના ભાવનગર તાલુકાનાં મોજે.વરતેજનાં શ્રી ધનજીભાઇ ખોડાભાઇએ ધારણ કરેલ વરતેજ ગામના ખેડખાતા નં.૧૧૧૪ નાં રેવન્યુ સર્વે નં.૧૮૮/૨/પૈકી ૧ ની કુલ જમીન હે.૦૦-૮૫-૪૯ ચો.મી. પૈકી હે.૦૦-૩૬-૪૨ ચો.મી. ખરીદ કરવાની મંજુરી મળવાના માંગણી કરેલ છે. સવાલવાળી જમીન બાબતે તાલુકા મામલતદારશ્રી, ભાવનગર મારફત તપાસ તજવીજ કરાવતા સંદર્ભ-૫ થી થઇ આવેલ અહેવાલની વિગત ધ્યાને લેતા, સવાલવાળી જમીન હાલ શ્રી ધનજીભાઇ ખોડાભાઇ ધારણ કરે છે. સવાલવાળી જમીન ઉપર હાલ કોઇ બોજો નોંધાયેલ નથી. સવાલવાળી જમીન વેચાણ રાખવા માંગતા અરજદાર શ્રી દિનેશભાઇ હરીભાઇ ડોંડા વિગેરે મોજે-વરતેજ, તા.ભાવનગરના ખેડખાતા નાં.૧૩૬ ના સર્વે નંબર ૧૮૮/૧/પૈકી ૧ ની જમીન હે.૦૦-૭૫-૮૮ ચો.મી. સંયુક્ત રીતે ધારણ કરે છે. સવાલવાળી જમીન જુની શરતની છે. તાલુકા મામલતદારશ્રી, ભાવનગર તરફથી અરજદારશ્રીની માંગણી મુજબ સવાલવાળી સર્વે નંબર ૧૮૮/૨/પૈકી ૧ ની જમીન હે.૦૦-૩૬-૪૨ ચો.મી.ની જમીન વેચાણ કરવા પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય થઇ આવેલ છે.

હાલના અરજદારશ્રી દ્વારા સવાલવાળી સર્વે નંબર ૧૮૮/૨/પૈકી ૧ ની જમીન હે.૦૦-૩૬-૪૨ ચો.મી.ની જમીન ખરીદ કરવાની પરવાનગી મળ્યેથી દસ્તાવેજ થયા બાદ દિન-૩૦ માં તેમની મોજે-સર્વે નંબર ૧૮૮/૧/પૈકી ૧ ની જમીન હે.૦૦-૭૫-૮૮ ચો.મી. સાથે એકત્રીકરણ કરાવી લેશે તે મતલબનું નોટરાઇઝડ સોગંદનામું રજુ કરેલ છે. રેવન્યુ સર્વે નં.૧૮૮/૨પૈકી ૧ ની કુલ જમીન હે.૦૦-૮૫-૪૯ ચો.મી. પૈકી હે.૦૦-૩૬-૪૨ ચો.મી. બાદ થયા બાદ બાકી વધતી જમીન હે.૦૦-૪૯-૦૭ ચો.મી.માં કુવો આવેલ હોઇ ટુકડાનો બાધ નડતો નથી.



Scanned with CamScanner

સબબ, ઉપરોકત વિગતે શ્રી ધનજીભાઇ ખોડાભાઇએ ધારણ કરેલ મોજે-વરતેજના રેવન્યુ સર્વે નં.૧૯૮/૨પૈકી ની કુલ જમીન હે.૦૦-૮૫-૪૯ ચો.મી. પૈકી હે.૦૦-૩૬-૪૨ ચો.મી., ગુજરાત ખેતીની જમીનનાં ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતના અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૭(૨) ની જોગવાઇ મુજબ નીચેની વિગતેની શરતોને આધીને રહીને સુચિત ખરીદનાર શ્રી દિનેશભાઇ હરીભાઇ ડોંડા વિગેરેને વેચાણ કરવાની પરવાનગી આપવા હુકમ કરવામાં આવે છે.

**શરત -**

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં. વસપ / ગણત / ૧૩૯૪ / ૧૫૨ / ઝ તા.૫/૬/૧૯૯૫ ની જોગવાઈ મુજબ સવાલવાળી જમીન મુળથી ખેડૂત ખાતેદાર / ખેતમજુરનુ પ્રમાણપત્ર ધારણકર્તાને જ વેચાણ કરવાની રહેશે.

(૨) અરજદારશ્રીએ સવાલવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ થયા બાદ એકત્રીકરણ માટે દિન-૩૦ માં અરજી કરી દેવાની રહેશે.

(૩) આ હુકમથી રેવન્યુ રેકર્ડમાં પ્રતિબંધીત ટુકડાની જમીન તબદીલ કરવા સિવાય જમીનના અન્ય કોઇ પ્રશ્ન કે ટાઇટલ સંબંધે અસરકર્તા થશે નહી.

DEPUTY COLLECTOR-BHAVNAGAR
सत्यमेव जयते
નાયબ કલેકટર-ભાવનગર

(જી. વી. મિયાણી)
નાયબ કલેકટર
ભાવનગર

પ્રતિ,

(૧) શ્રી દિનેશભાઇ હરીભાઇ ડોંડા વિગેરે,
રહે.નારી, ભાવનગર શહેર

(૨) શ્રી ધનજીભાઇ ખોડાભાઇ,
રહે.નારી, ભાવનગર શહેર

**નકલ રવાના -**

(૧) તાલુકા મામલતદારશ્રી,
ભાવનગર. ..... હુકમ મુજબ અમલવારી કરવા સારૂ.

(૨) તલાટી કમ મંત્રીશ્રી,
વરતેજ, તા.ભાવનગર.

tukda jamin vehchan.doc



Scanned with CamScanner

નં.જમીન/એકત્રીકરણ/૨૬૩૦/૨૦૧૯

તાલુકા મામલતદાર કચેરી,
સેન્ટ ઝેવીયર્સ સ્કુલની સામે,
જેલ રોડ,ભાવનગર.
તા.૩૦/૦૫/૨૦૧૯

વિષય:-જમીનનું એકત્રીકરણ કરવા બાબત.

ભાવનગર તાલુકાના મોજે.વરતેજ ગામના ખાતા નં.૧૩૬ ના સ.નં.૧૮૮/૧/પૈકી૧ ની જમીન હે.૦-૭૫-૮૮ ચો.મી. તથા સ.નં.૧૮૮/૨/પૈકી૧/પૈકી૨ ની જમીન હે.૦-૩૬-૪૨ ચો.મી.

શ્રી અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા વિ.ના કુ.મુ. શ્રી ગોવિંદભાઈ હરીભાઈ ડોંડા

વંચાણે લીધા:- (૧) અરજદારશ્રી અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા વિ.ના કુ.મુ. શ્રી ગોવિંદભાઈ હરીભાઈ ડોંડા ની તા.૦૮/૫/૧૯ ની અરજી.

(૨) સર્કલ ઓફિસરશ્રી, તાલુકા મામલતદાર કચેરી, ભાવનગરના તા.૨૦/૫/૧૯નો પત્ર

(૩) સરકારશ્રીના સેટલમેન્ટ કમીશનર અને જમીન રેકર્ડઝ નિયામકશ્રી, ગુજરાત રાજયના તા.૨૮/૧૦/૧૯૯૮ ના પરિપત્ર નં.એલ.આર.૧૮૮.

(૪) ગુજરાત જમીન મહેસુલ નિયમો-૧૯૭૨ ના નિયમ-૧૧.

મામલતદાર કચેરી - ::હુકમ:: - ભાવનગર

અરજદારશ્રી અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા વિ.ના કુ.મુ. શ્રી ગોવિંદભાઈ હરીભાઈ ડોંડાએ વંચાણે લીધા-(૧)ની તા.૦૮/૫/૧૯ ની અરજીથી તેમના ખાનગી કબજાની ભાવનગર તાલુકાનાં મોજે.વરતેજ ગામના નીચે મુજબની ખેતીની જમીનનું એકત્રીકરણ કરવા રજુઆત કરેલ છે.

| ક્રમ | કબજેદારનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા તથા વિગેરે | ૧૩૬ | ૧૮૮/૧/પૈ૧ | ૦-૭૫-૮૮ |
| ૨ | | | ૧૮૮/૨/પૈ૧/પૈ૨ | ૦-૩૬-૪૨ |
| | | કુલ : - | | ૧-૧૨-૩૦ |

અરજદારશ્રી અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા વિ.ના કુ.મુ. શ્રી ગોવિંદભાઈ હરીભાઈ ડોંડાની તેમના ખાનગી કબજાની ઉકત કોષ્ટકની વિગતે ભાવનગર તાલુકાના મોજે.વરતેજ ગામના ખાતા નં.૧૩૬ ના સ.નં.૧૮૮/૧/પૈકી૧ ની હે.૦-૭૫-૮૮ ચો.મી. અને સ.નં.૧૮૮/૨/પૈકી૧/પૈકી૨ ની હે.૦-૩૬-૪૨ ચો.મી. મળી કુલ જમીન હે.૧-૧૨-૩૦ ચો.મી.નું એકત્રીકરણ કરવાની અરજીના કામે સર્કલ ઓફિસરશ્રી, મામલતદાર કચેરી, ભાવનગરએ વંચાણે લીધા-(૨) નાં પત્રથી સદરહુ જમીનની સ્થળ તપાસ તજવીજે જમીન એક જ શેઢે આવેલ હોઇ, એક જ સત્તા પ્રકાર જુની શરતની હોઇ તથા એક જ સંયુકત માલિકીની જમીન હોઇ અને આ જમીનનું એકત્રીકરણ થવાથી રસ્તો, પાણીનું વહેણ બંધ થતા નહી હોવાથી એકત્રીકરણ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

અરજદારશ્રીએ એકત્રીકરણ કરાવવા માંગતા તમામ જમીનની ડી.આઇ.એલ.આર. કચેરી, ભાવનગરના લાઇસન્સી સર્વેયર પાસે તા.૦૯/૦૫/૧૯ થી માપણી કરેલ માપણીશીટ મુજબ બન્ને હિસ્સા એકબીજાને અડીને આવેલ છે. તેમજ આ ગામની રી-સર્વે માપણી કામગીરી થઇ ગયેલ હોવાથી રી-સર્વે રેકર્ડ તૈયાર થઇ પ્રમોલગેશન કરવામાં આવે તે રેકર્ડ માન્ય ગણવાનું રહેશે તેમ માપણી મુજબ જણાવેલ છે.



Scanned with CamScanner

અરજદારશ્રીની ખેતીની જમીનની એકત્રીકરણની માંગણીવાળી જમીનની ઉકત વિગતેને રેવન્યુ રેકર્ડ તથા સ્થળ તપાસની હકીકત નિગાહે લઇને માંગણીનો સૈધ્ધાંતીક સ્વીકાર કરી સરકારશ્રીના સેટલમેન્ટ કમીશનર અને જમીન રેકર્ડઝ નિયામકશ્રી, ગુજરાત રાજયના સંદર્ભ-(૩) ના તા.૨૮/૧૦/૧૯૯૮ ના પરિપત્ર નં.એલ.આર.૧૮૮ ની જોગવાઇ મુજબ એકત્રીકરણ ફી એક હિસ્સાના રૂા.૫૦/- લેખે ૨ (બે) હિસ્સાના કુલ રૂા.૧૦૦/- (અંકે રૂપીયા એકસો પુરા) સરકારશ્રીના નિયત સદરે ભરપાઇ કરી ચલણની કોપી રજુ કરવા જણાવેલ. જેથી અરજદારશ્રીએ તા.૨૧/૫/૧૯ થી એકત્રીકરણ ફી ની રકમ ભરપાઇ કરી ચલણની નકલ રજુ કરેલ છે.

આમ ઉકત વિગતે હકીકત નિગાહે લેતા ગુજરાત જમીન મહેસુલ નિયમો-૧૯૭૨ ના નિયમ-૧૧ ની જોગવાઇ અનુસાર અમોને મળેલ અધિકારની રૂઇએ અરજદારશ્રી બચુબેન હરીભાઇની તેમના ખાનગી કબજાની જમીનનું નીચેની શરતોને આધિન નીચેની વિગતે એકત્રીકરણ કરવા હુકમ કરવામાં આવે છે.

| એકત્રીકરણ કર્યા પહેલાની સ્થિતિ | | | | | |
|---|---|---|---|---|---|
| ગામ તાલુકો | ખાતેદારનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | ક્ષેત્રફળ<br>લાયક | આકાર (રૂ.-પૈસા) |
| વરતેજ | શ્રી અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા વિ. | ૧૩૬ | ૧૮૮/૧/પૈ૧ | ૦-૭૫-૮૮ | ૪.૯૪ |
| | | ૧૩૬ | ૧૮૮/૨/પૈ૧/પૈ૨ | ૦-૩૬-૪૨ | ૨.૧૧ |
| એકત્રીકરણ બાદ કરવાની સ્થિતિ | | | | | |
| વરતેજ | શ્રી અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા વિ. | ૧૩૬ | ૧૮૮/૧/પૈ૧ | ૧-૧૨-૩૦ | ૭.૦૫ |

આમ સદરહુ જમીનનું એકત્રીકરણ કરતા ખાતેદારશ્રી અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા તથા વિગેરેના ખાનગી કબજાની ભાવનગર તાલુકાના મોજે.વરતેજ ગામનાં ચાલતા સર્વે નં.૧૮૮/૧/પૈ૧ નું લાયક (જીરાયત) ક્ષેત્રફળ હે.૧-૧૨-૩૦ ચો.મી. અને આકાર રૂા.૭.૦૫ રહેશે.

-:: શરતો ::-

(૧) અરજદારશ્રીએ સવાલવાળી જમીનની સ્વ ખર્ચે માપણી કરાવવાની રહેશે.

(૨) આ અંગે સરકારશ્રીના વખતો વખતના કાયદા / કાનુનોની જોગવાઇઓ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૩) આ હુકમ સદરહુ જમીનના ટાઇટલ સબંધે કોઇ અસરકર્તા રહેશે નહી.

(૪) આ ગામની રી-સર્વે માપણી કામગીરી થઇ ગયેલ હોવાથી રી-સર્વે રેકર્ડ તૈયાર થઇ પ્રમોલગેશન કરવામાં આવે તે રેકર્ડ માન્ય ગણવાનું રહેશે.

(કે.એમ.સંપટ)
મામલતદાર
ભાવનગર (ગ્રામ્ય)

પ્રતિ,

શ્રી અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા વિ.ના કુ.મુ. શ્રી ગોવિંદભાઈ હરીભાઈ ડોંડા,

મું.નારી, તા.જી.ભાવનગર.



Scanned with CamScanner

<u>નકલ રવાના:-</u>

(૧) ડી.આઇ.એલ.આર.શ્રી,
બહુમાળી ભવન, ભાવનગર. ............................ હુકમ મુજબ દુરસ્તી કરી જાણ કરવા સારૂ.

(૨) નાયબ મામલતદારશ્રી,
ઈ-ધરા, તાલુકા મામલતદાર કચેરી, ભાવનગર. .....-હુકમ મુજબ ગામ દફતરે અમલવારી કરવા સારૂ.

(૩) તલાટી કમ મંત્રીશ્રી / તલાટીશ્રી (રેવન્યુ),
મુ.વરતેજ, તા.જિ.ભાવનગર.



Scanned with CamScanner

# ભાવનગર મહાનગરપાલિકા - ભાવનગર

ટા. ડે. જા. નં. ૧૧૪૨

ટાઉન ડેવલપમેન્ટ વિભાગ,
ભાવનગર મહાનગરપાલિકા,
ભાવનગર.
તા. ૧૧ / ૦૮ / ૨૦૨૦

મહાનગરપાલિકા ટાઉન ડેવલપમેન્ટ વિભાગ ભાવનગર

પ્રતિ,
શ્રી અજવાળીબેન ખીમજીભાઇ ડોંડા તથા
અન્ય ૧૮ નાં કુ.મુ. ગોવિંદભાઇ હરિભાઇ ડોંડા,
સર્વે.નં. ૧૮૮ / ૨ / પૈકી ૧ / પૈકી ૨, વરતેજ,
ભાવનગર-અમદાવાદ શોર્ટ વે, ચિત્રા, ભાવનગર.

વિષય:- મંજુર લે-આઉટના સર્વે નંબરનાં સુધારા અંગે
સંદર્ભ:- આપશ્રીની તા. ૦૭ / ૦૭ / ૨૦૨૦ ની અરજી

આથી ઉપરોક્ત વિષય પરત્વે તમારી સંદર્ભિત અરજીનાં અનુસંધાને જણાવવાનું કે અત્રેથી અગાઉ જે લે-આઉટ પ્લાનની મંજુરી ઇન્ડસ્ટ્રીયલ હેતુ માટે ૧૮૮ / ૨ / પૈકી ૧ / પૈકી ૨ સર્વે.નં. માટે આપવામાં આવેલ છે, તે કલેક્ટર કચેરીના બિનખેતી હુકમ તેમજ સર્વે નંબરોના એકત્રીકરણના હુકમને ધ્યાને લેતા હકીકતે એકત્રીકરણ થયા પછીનાં ૧૮૮ / ૧ / પૈકી ૧ સર્વે.નં. માટેની ગણવાની રહે છે.
"નોંધ પર માન.કમિશ્નર સાહેબની આજ્ઞાનુસાર"

ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર
ઇ/ચ ટાઉન ડેવલપમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર

Scanned with CamScanner

Bhavnagar Municipal Corporation

રોડ જા.ન....4327 2 રજા ચિઠ્ઠી

6/3/20

રોડઝ વિભાગ,
તા. ૦૬/૦૩/૨૦૨૦.

પ્રતિ,
શ્રી અજવાળીયાબેન ખીમજીભાઈ ડોંડા તથા અન્યો
ઠેરે. સર્વે નં.૧૮૮/૨/પૈકી–૧/પૈકી–૨ ,વરતેજ
ભાવનગર–અમદાવાદ શૉર્ટ રૂટ,
ભાવનગર.

વિષય :– શ્રી અજવાળીયાબેન ખીમજીભાઈ ડોંડા તથા અન્યો ઠેરે. સર્વે નં.૧૮૮/૨/પૈકી–૧/પૈકી–૨ ,વરતેજ ભાવનગર–અમદાવાદ શૉર્ટ રૂટ,ભાવનગર.

<u>સંદર્ભ</u> :– આપની તા.૦૨/૦૩/૨૦૨૦ ની અરજી.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આપની માંગણી મુજબ, આ સાથેના લે–આઉટ પ્લાનમાં દર્શાવેલ રસ્તાઓને આર.સી.સી.રોડ ડેવલપ કરવા માટે એસ્ટીમેટ રૂા.૩૯,૯૦,૦૦૦/– થાય છે. એસ્ટીમેટના ૫ % મુજબ સુપરવિઝન ચાર્જ <u>રૂા.૧,૯૯,૫૦૦/–</u> થાય છે જે તમોએ ભાવનગર મહાનગરપાલિકામાં પહોંચ નં. ૪૬૬૬૨ તા.૧૪/૦૨/૨૦૨૦ થી જમા કરી આપેલ છે. આથી નીચેની શરતોને આધિન સ્વખર્ચે રોડ ડેવલપ કરવાની મંજુરી આપવામાં આવે છે. આ નીચે દર્શાવેલ શરતોની રૂા. ૧૦૦.૦૦ ના સ્ટેમ્પ ઉપર બાંહેધરી આપવામાં આવેલ છે તેનું પાલન કરવાનું રહેશે.

(૧) સદરહુ કામ શરૂ કરતા પહેલા મ્યુ. કોર્પોરેશનમાં લેખીત જાણ કરવાની રહેશે.

(૨) રસ્તાના વિકાસકામોનો તમામ ખર્ચ તમોએ ભોગવવાનો રહેશે.

(૩)રોડ વિભાગના સ્પેસીફીકેશન મુજબ કામ કરવાનું રહેશે.

(૪) સમયાંતરે રોડ વિભાગના એન્જીનીયરની સ્થળ તપાસ કરાવવાની રહેશે.

(૫) ભાવનગર મહાનગરપાલિકાના પ્રવર્તમાન નીતીનિયમોનું પાલન કરવાનું રહેશે.

(૬) સદરહુ કામ ૬ મહિનામાં પુર્ણ કરવાનુ રહેશે અન્યથા મંજુરી રદ ગણાશે.

કાર્યપાલક ઈજનેર
રોડઝ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

Scanned with CamScanner

# ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર

વો. વ. જા. નં. ૩૩૦૮.............

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
વોટર વર્કસ વિભાગ,
મહાનગર પાલિકા ભાવનગર
તા. ૬ /૩/૨૦

## –:: રજા ચિઠ્ઠી ::–

પ્રતિ,
અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા તથા અન્યો
વરતેજ સ.નં.૧૮૮/૨ પૈકી ૧ પૈકી ૨,
વરતેજ નારી ચોકડી પાસે, ભાવનગર

વિષય :– અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા તથા અન્યો, વરતેજ સ.નં.૧૮૮/૨ પૈકી ૧ પૈકી ૨, વરતેજ નારી ચોકડી પાસે, પાણીની લાઈન નાખવા માટેનો લે – આઉટમાં સ્વખર્ચે પાણીની પાઈપ લાઈન નાખવાના કામ બાબત.

સંદર્ભ :– ૧. આપશ્રીની અરજી તા. ૨૯/૧/૨૦૨૦
૨. સીટી મંજુરી નં. ૫૭, તા. ૨/ ૩ /૨૦

ઉપરોકત વિષયે અને સંદર્ભે અજવાળીબેન ખીમજીભાઈ ડોંડા તથા અન્યો, વરતેજ સ.નં.૧૮૮/૨ પૈકી ૧ પૈકી ૨, વરતેજ નારી ચોકડી પાસે, પાણીની લાઈન નાખવા માટેનો લે – આઉટમાં સ્વખર્ચે પાણીની પાઈપ લાઈન નાખવાના કામ માટે સીટી મંજુરી નં. ૫૭ તા. ૨/૩ /૨૦ થી મળેલ મંજુરી અન્વયે પાછળની દર્શાવેલ મુદ્દાની અમલ કરવાની શરતે સ્વખર્ચે પાણીની પાઈપ લાઈન નાખવાની મંજુરી આપવામાં આવે છે.

(૧) મહાનગરપાલિકાની પાણીની લાઈન સાથે જોબની મંજુરી સમયે વિભાગની સુચના અનુસાર મંજુરી મેળવી સુચના અનુસારની કામગીરી કરવાની રહેશે.
(૨) હાલ માત્ર પાણીની લાઈનનુ નેટવર્ક ડેવલપ કરવાની જ મંજુરી આપવામાં આવે છે.
(૩) તમામ મટીરીયલ્સ આઈ.એસ.આઈ.માર્કાનુ અને સારી ગુણવતા વાળુ વાપરવાનુ રહેશે.

( સુપરવીઝન ચાર્જ પેટે રૂા. ૬,૦૦૫ /–મ્યુનિ.પહોચ નં. ૪૯૩૫૮ તા. ૩/૩/૨૦૨૦ થી વસુલ આવેલ છે.)
( ચકાસણી ફી પેટે રૂા. ૧૬,૮૪૫ /– મ્યુનિ.પહોચ નં. ૪૯૩૫૮ તા. ૩/૩/૨૦૨૦ થી વસુલ આવેલ છે. )

N.R.Patel
5/03/2020
For અધિક કાર્યપાલક ઈજનેર
વોટર વર્કસ વિભાગ
મહાનગરપાલીકા–ભાવનગર

05-03-20
કાર્યપાલક ઈજનેર
વોટર વર્કસ વિભાગ
મહાનગરપાલીકા–ભાવનગર

W.W. -Raj... ...uthi - = NARI VARTEJ S.NO. = 05-03-2020(1)

Scanned with CamScanner

## –:: શરતો ::–

(૧) મંજુર થયેલ પાણીની પાઈપ લાઈન નાખવાનું કામ શરૂ કરતાં પહેલા અત્રેની કચેરીને લેખિત જાણ કરવાની રહેશે.

(૨) આ પાઈપ લાઈનનાં કામ માટે પાઈપ, જોઈન્ટસ, વાલ્વ વગેરે આઈ. એસ. આઈ. માર્કાનાં અને વોટર વર્કસ વિભાગને પ્રથમ બતાવીને અને વિભાગની સૂચના અનુસાર જ વાપરવાના રહેશે.

(૩) આ પાણીની પાઈપ લાઈનનુ તમામ કામ મંજુરી મુજબ પૂર્ણ કરી તેનુ અત્રેના વિભાગના સબંધિત કર્મચારીની હાજરીમાં નિયમોનુસાર હાઈડ્રોલીક ટેસ્ટીંગ આપવાનુ રહેશે.

(૪) પાણી મેળવવા જોબવર્ક માટે મહાનગરપાલીકાની સુચના મુજબ જોડાણ માટેની લાઈનોનું આયોજન કરવાનું રહેશે અને સૂચના પ્રમાણે મેઈન લાઈન સુધી સ્વખર્ચે લાઈન નાંખવાની રહેશે.

(૫) મહાનગરપાલીકા ધ્વારા આ નેટવર્કમાં જો કોઈ ફેરફાર સુચવવામાં આવે તો તે મુજબ સુધારા વધારા કરી આપવાનાં રહેશે.

(૬) કામ પૂર્ણ થયા બાદ અત્રેના વિભાગનું ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ પૂર્ણ કર્યા અંગેનુ એન. ઓ. સી. મેળવી લેવાનું રહેશે.

(૭) મંજુર રહેલ લે– આઉટ પૈકીનાં ૨૫ % પ્લોટોમાં ડેવલપમેન્ટ પૂર્ણ કરી તે અંગેના આધારો રજુ થયા બાદ જ જોબવર્કની મંજૂરી આપવામાં આવશે.

(૮) પાઈપ લાઈન નાંખવા સમયે કે જોબવર્ક દરમિયાન રોડ ક્રોસ કરવાનો થાય/ તોડવાની જરૂરત ઉભી થાય કે આડો ડાર કરવાનો થાય તો ભાવનગર મહાનગરપાલિકાના રોડ વિભાગની મંજુરી મેળવી તેના આધારો રજુ કરવાનાં રહેશે.

(૯) આ પાણીની પાઈપ લાઈનનુ નેટવર્ક બી.પી.એમ.સી.એકટની કલમ ૨૨૪ હેઠળ જયાં સુધી મહાનગરપાલિકા ધ્વારા સંભાળવામાં આવે નહી ત્યાં સુધી આ તમામ પાઈપ લાઈનની મેઈન્ટેનન્સ સંબંધિત તમામ કામગીરી આપની રહેશે.


(૧૦) ટાઉન ડેવલપમેન્ટ વિભાગની લે–આઉટ પ્લાન મંજુર અંગેની રજા ચિઠ્ઠીમાં દર્શાવેલ તમામ શરતોને આધિન આ પાણીની લાઈનના નેટવર્કની મંજુરી આપવામાં આવે છે.

(૧૧) ટાઉન ડેવલપમેન્ટ વિભાગ ધ્વારા મંજુર કરાયેલ લે–આઉટ પ્લાનનાં આંતરીક રસ્તા પર ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના ભાગ અન્વયે આ પાણીની લાઈનોના નાખવાની જ મંજુરી આપવામાં આવે છે. હાલ પાણી કનેકશન કે જોબની મંજુરી આપવામાં આવતી નથી.

(૧૨) પાણી મેળવવા જોબની મંજુરી આપવાના સમયે સમગ્ર શહેરની પાણીની પરિસ્થિતિ ધ્યાનમાં લઈ સંજોગોને આધિન ભાવનગર મહાનગરપાલિકા ધ્વારા જે નિર્ણય કરે તે આપને બંધન કર્તા રહેશે.



Scanned with CamScanner




**PROPOSED WATER SUPPLY LAY-OUT PLAN FOR (INDUSTRIAL USE) ON SUR.NO.188 / 2 / P1 / P2, VARTEJ, BHAVNAGAR AHMEDABAD SHORT WAY, AT CHITRA, VARTEJ, DI.BHAVNAGAR.**

**COLOUR NOTE & SYMBOL**

- ..........mm Ø Existing water pipe line
- Proposed 150mm Ø water pipe line & Total Length 140.00 mt.
- Proposed 100mm Ø water pipe line & Total Length 000.00 mt.
- S.V. = SLUICE VALVE
- A.V. = AIR VALVE
- 100 Ø, 100/150 Ø
- EC = END CAP (DEAD END)
- B = BAND

SMT. AJVALIBEN KHIMJIBHAI DONDA & OTHERS

**OWNER NAME & SIGN.**

કીરીટ કે. વાઘાણી
મ્યુ.લા.નં.૧ વર્ષ ૨૦૧૦
ગોલ્ડન નેસ્ટ ફ્લેટ,
તિલકનગર, ભાવનગર.
મો.નં.૯૩૭૭૧૦૬૦૪૮

PLUMBER

DRN BY : JEET ( 9374837447 - 9429679679 ) | DRG NO. KJDR/40/27012020

સી.ઈ. મંજૂરી નં.....૮૭.....
તારીખ..૨.૧.૩.૧.૨૦૨૦....

V. R. Patel
5/3/2020

અધિક મદદનીશ ઈજનેર
વોટર વર્ક્સ વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર.

05-03-20

કાર્યપાલક ઈજનેર
વોટર વર્કસ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

BHAVNAGAR MUNCIPAL CORPORATION

Scanned with CamScanner